पुणा International School

Shree Swaminarayan Gurukul, Zundal

| | |
|---|---|
| ASSIGNMENT FOR PERIODIC ASSESEMENT - III | 2020-21 |
| Grade – 5 | Subject- GUJARATI |
| Syllabus – CH-7,8,9 | FROM TEXTBOOK |

**The Paper will be divided into four sections.**

**[ READING SECTION]**

1) નવરાત્રીનો તહેવાર આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધી ઊજવાય છે. અંબાજી માતાએ મહિષાસુર રાક્ષસનો વધ કરવા તેની સાથે નવ દિવસ સુધી યુદ્ધ કર્યુ હતું અને દસમા દિવસે તેનો વધ થયો એટલે વિજયાદશમી ઊજવાય છે. નવ દિવસ સુધી ગરબા ગવાય છે. શેરીએ શેરીએ મંડપ બંધાય છે. રાત્રે સ્ત્રી,પુરુષો અને બાળકો ભક્તિભાવપૂર્વક માતાજીના ગરબા ગાય છે. પછી માતાજીની આરતી થાય છે અને પછી પ્રસાદ વહેચાય છે.

અ) અહિયા ક્યા તહેવારની વાત કરી છે?

બ) નવરાત્રીનો તહેવાર ક્યારે શરૂ થાય છે?

ક) અંબાજી માતાએ કોનો વધ કર્યો હતો?

ડ) નવરાત્રીમાં મંડપ ક્યાં ક્યાં બંધાય છે?

ઈ) આરતી પછી શું વહેચવામાં આવે છે?

2) અમદાવાદ એક ઐતિહાસિક શહેર છે. અહમદશાહ બાદશાહે અમદાવાદ શહેર સાબરમતી નદીને કિનારે વસાવ્યું હતું પણ હાલ સાબરમતી નદી શહેરની વચ્ચેથી વહે છે. અમદાવાદ ગુજરાતનું સૌથી મોટું શહેર છે. અમદાવાદનાં રસ્તાઓ પહોળા અને પાકા છે. અમદાવાદમાં અનેક પોળો અને શેરીઓ આવેલી છે. આબરમતી આશ્રમ સાબરમતી નદીના કિનારે આવેલો છે. અમદાવાદમાં બે સ્ટેડિયમ

પણ છે. અમદાવાદમાં સૌથી મોટી સમસ્યા વાહનવ્યવહારની છે. તે માટે ઘણી જગ્યાએ ફ્લાયઓવર તથા અંડરપાસ પણ તૈયાર કરવામાં આવ્યા છે .

પ્રશ્નો 1 ) અહિંયા ક્યાં શહેરની વાત કરવામાં આવી છે ?

2) અમદાવાદ શહેર ક્યાં બાદશાહે વસાવ્યું ?

3) અમદાવાદનાં રસ્તાઓ કેવા છે ?

4) સાબરમતી આશ્રમ કઇ નદીનાં કિનારે આવેલો છે?

5) વાહનવ્યવહારની સમસ્યા હળવી કરવાં માટે શું તૈયાર કરવામાં આવ્યુ છે?

## [WRITING SECTION ]

નીચેનો ફકરો વાંચી ફરીથી સારા અક્ષરે લખો ( ગમે તે આવી શકે છે )

## [GRAMMAR SECTION]

### પ્રશ્ન 3 (અ) નીચેના સમાનાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | નદી | = | સરિતા | 2) | વૃક્ષ | = | ઝાડ |
| 3) | કબૂતર | = | પારેવું | 4) | પાણી | = | જળ |
| 5) | પાન | = | પર્ણ | 6) | આભાર | = | ધન્યવાદ |
| 7) | પારધી | = | શિકારી | 8) | ચટકો | = | ડંખ |
| 9) | પળ | = | ક્ષણ | 10) | ભભૂત | = | ભસ્મ |
| 11) | આટો | = | લોટ | 12) | વૈરાગી | = | સાધુ |
| 9) | સરપાવ | = | બક્ષિસ | 10) | પ્રશંસા | = | વખાણ |

### (બ) નીચેના વિરોધી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ઉપર | X | નીચે | 2) | અંદર | X | બહાર |
| 3) | દિવસ | X | રાત | 4) | ડાહ્યો | X | ગાંડો |
| 5) | જશ | X | અપજશ | 6) | તાજું | X | વાસી |
| 7) | સારી | X | ખરાબ | 8) | પારકું | X | પોતાનું |

## (ક) નીચેના શબ્દો પરથી વાક્યો બનાવો

1) ઝાડ - જંગલમાં ઝાડ હોય છે.

2) પારધી - કબૂતરનો શીકાર કરવા પારધી આવ્યો.

3) કબૂતર - કબૂતર એક શાંત પંખી છે.

4) કીડી - કીડી ખુબ જ મહેનત કરે છે.

5) પાન - ઝાડની ડાળી પર પાન હોય છે.

6) ભભૂત - ભભૂત લગાવી હું બાવો બન્યો.

7) રસોઇ - બા રસોઇ બનાવે છે.

8) ખીચડી - મને ખીચડી બહું ભાવે છે.

9) સરપાવ - સારું કામ કરવાથી સરપાવ મળે છે.

## [LITERATURE SECTION ]

## પ્રશ્ન : નીચેના પ્રશ્નોના જવાબ લખો.

1) કબૂતરે પાણીમાં પાન શા માટે ફેંક્યુ ં?

જ) કીડી પાણીમાં તણાઇને જતી હતી એટલે તેને બચાવવાં કબૂતરે પાન ફેંક્યું.

2) કીડી અને કબૂતરનાં રહેઠાણનાં નામ લખો?

જ) કીડી દરમાં રહે છે અને કબૂતર માળો બાંધીને રહે છે.

3) કબૂતર ક્યાં બેઠું હતું?

જ) કબૂતર ઝાડ પર બેઠું હતું.

4) કબૂતરનો શીકાર કરવા કોણ આવ્યું?

જ) કબૂતરનો શિકાર કરવા પારધી આવ્યો.

5) કબૂતરને કોણે બચાવ્યું?

જ) કબૂતરને કીડીએ બચાવ્યું.

6) બાવાને જમવા માટે શું શું જોઇએ છે?

જ) બાવાને જમવા માટે ખીચડી જેવો સાદો ખોરાક જોઇએ છે.

7) બા બાવાને શી આજીજી કરે છે?

જ) બા બાવાને ચીપિયો ન ખખડાવવા માટે આજીજી કરે છે.

8) બચુ કેવી રીતે બાવો બન્યો?

જ) માથા પર જટા લગાવી અને શરીર પર ભભૂત લગાવી બચુ બાવો બન્યો.

9) ઇસ્માઇલની વાડીનું વર્ણન કરો?

જ) ઇસ્માઇલની વાડી બારેમાસ લીલીછમ જ હોય. બાજરી પછી તરત જુવાર એમ ઇસ્માઇલની વાડી વખણાય.

10) મરઘીબાઇએ સૂંઢલ કરવા માટે કોને કોને પૂછી જોયું?

જ) મરઘીબાઇએ સૂંઢલ કરવા માટે લાલિયા કૂતરાને, ગલબા શિયાળા પાસે અને ડાહ્યા ડુક્કરને પૂછ્યું.